# ગણતરીના કલાકોમાં ઘરફોડ ચોરીના રીઢા ચોર આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી,

# પુણા સર્વેલન્સ સ્કોડ, સુરત શહેર.

સુરત શહેરના પુણા પો.સ્ટે વિસ્તારમાં અ,પડત ગુના શોધી કાઢવા પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન સાથેના અ.હે.કો. હિંમતભાઇ રાઘવભાઇ તથા અ.પો.કો. વનરાજસિંહ કાળુભા તથા અ.પો.કો. રવીકુમાર બળદેવભાઇ નાઓને બાતમી હકીકત મળેલ કે, પુણા પો.સ્ટે ૧૧૨૧૦૦૪૬૨૦૦૦૬૯/૨૦૨૦ ઈ.પી.કો. કલમ- ૩૮૦, ૪૫૭ મુજબના તથા પુણા પો.સ્ટે. ૧૧૨૧૦૦૪૬૨૦૦૦૭૩/૨૦૨૦ ઈ.પી.કો. કલમ- ૩૮૦, ૪૫૭ મુજબના ગુન્હાના કામનો આરોપી ભુપત ઉર્ફે ભરતનાનો ચોરીમાં ગયેલ મુદ્દામાલની સાડીઓ તેમજ ચણીયા ચોળીઓ લઇ હાલમાં સુરત કડોદરા રોડ કુંભારીગામ પાટીયાની સામે, શ્યામ સંગીની માર્કેટની સામે કડોદરા તરફ જતા રોડ પર બે પ્લાસ્ટીકના થેલા લઇ ઉભેલ છે. તેણે શરીરે લીલા કલરની લાંબી બાયવાળી શર્ટ તથા બ્લ્યુ કલરનું મેલા જેવુ જીન્સ પેન્ટ પહેરેલ છે."તેવી બાતમી હકીકત આધારે  સીતાનગર ચાર રસ્તા પાસેથી પકડી પાડી ભુપત ઉર્ફે ભરતભાઇ કરશનભાઇ વડાલીયા ઉ.વ.૫૦ ધંધો-બેકાર રહે. બારડોલી ફુટપાથ ઉપર રખડતો તા. બારડોલી જી.સુરત મુળગામ અમરાપર તા.કુકાવાવ જી.અમરેલી વાળાને ચોરીમા ગયેલ મુદ્દામાલ સાથે (૧) જોબ વર્કની પ્લેન સાડીઓ કુલ્લે નંગ-૬૦ કિ.રૂ.૧૦,૫૦૦/- (૨) ચણીયા ચોળી નંગ-૫૧ કિ.રૂ.૧૫,૩૦૦/- (૩) તથા તાળા તોડવાના સાધન બે પેચીયાની કિ.રૂ.૦૦/૦૦ ગણી કુલ્લે કિ.રૂ.૨૫,૮૦૦/- ગણી ગુનાના કામે કબ્જે કરી ઉપરોકત ગુનાના કામે અટક કરવામા આવેલ છે. અને સદર આરોપી અગાઉ કાપોદ્રા પો.સ્ટે., વરાછા પો.સ્ટે., કતારગામ પો.સ્ટે., પુણા પો.સ્ટે., ડી.સી.બી. પો.સ્ટે. તથા ભાવનગર શહેર ખાતે ઘરફોડ ચોરીના ગુનાઓમાં પકડાયેલ તેમજ સદર બન્ને ગુન્હાઓ વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.